RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 78, Dt.11-06-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગરમીએ મોંઘવારીમાં પણ આગ લગાડી !



## મે મહિનામાં મોંઘવારી પાંચ મહિનાની ટોચ પર પહોંચીઃ શાકભાજી, ફૂટ સહિતની ખાદ્ય ચીજોના ભાવ આસમાનેઃ વધતા તાપમાનની પાક પર ગંભીર અસરઃ દેશમાં પ્રસરેલાં ગરમીના ભીષણ મોજાની અસર લોકોના રસોડા સુધી પહોંચી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચાલુ વર્ષે પુરા દેશમાં ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે. ઉત્તર ભારત ભીષણ ગરમીથી ત્રાહિમામ થયું છે. આ આકરા તાપમાનની અસર છેક લોકોના ઘર સુધી પહોંચી છે. ગત મે મહિનામાં મોંઘવારી પાંચ માસની ટોચ પર પહોંચી છે. શાકભાજી, ફ્રુટ સહિતના ખાણીપીણીના ભાવમાં ગરમીના કારણે ખુબ વધારો નોંધાયો છે. કારણ કે ગરમ તાપમાનની અસર પાક ઉપર પણ પડી છે.

શાકભાજીનો મોંઘવારી દર મે મહિનામાં વધીને ૩૦ ટકાએ પહોંચી ગયો છે. જે એપ્રિલમાં ૨૭.૭ ટકા નોંધાયો હતો. ગયા મહિને શાકભાજીના ભાવ માસિક આધાર પર ૫.૨ ટકા વધ્યા છે. ખાવાપીવાની વસ્તુઓ અને ખાસ કરીને ફ્રુટ તથા શાકભાજીની કિંમતોમાં વધારાથી રીટેલ મોંઘવારીમાં વધારો નોંધાયો છે.

૨૦૨૪માં વધુ એક વખત આ આંકડો ૫.૧૪ ટકા પર પહોંચી શકે છે. જો આવું બન્યું તો ડિસેમ્બર-૨૩ પછી પાંચ મહિનાનો આ સૌથી ઉંચો દર હશે તે સમયે છુટક ચીજવસ્તુઓની મોંઘવારી ૫.૬૯ ટકા રહી હતી. જે એપ્રિલમાં ઘટીને ૧૧ મહિનાના સૌથી નીચા લેવલ ૪.૮૩ ટકા પર આવી હતી.

સેન્ટર ફોર મોનીટરીંગ ઇન્ડિયન ઇકોનોમીના જણાવ્યા મુજબ દેશના અનેક ભાગોમાં વધતા તાપમાને શાકભાજી અને ફ્રુટના પાકને પણ અસર કરી છે. તેનાથી ખાદ્ય મોંઘવારી મેમાં વધીને ૯.૧ ટકાના સ્તર પર પહોંચી શકે છે. ગત મહિનાના રીપોર્ટ હવે જાહેર થશે. આ આંકડો એપ્રિલમાં ૮.૭ ટકા હતો. તેની અસર સરેરાશ મોંઘવારી પર જોવા મળી શકે છે. સરકાર બુધવારે આ છુટક મોંઘવારીના આંકડા જાહેર કરી શકે છે. મુખ્ય મોંઘવારી (ખાદ્ય અને ઉર્જા સિવાય) પણ ૩.૩ ટકા વધીને ૩.૫ ટકા સુધી પહોંચી શકે છે. સીએમઆઇએના કહેવા મુજબ ફ્રુટ અને શાકભાજીના મોંઘવારી દરમાં બે ટકાનો વધારો દેખાયો છે. તેનાથી મે મહિનામાં ફળોની મોંઘવારી એપ્રિલના ૩.૫ ટકા વધીને ૫.૫ ટકા સુધી પહોંચી શકે છે. તબકકાવાર ફ્રુટની કિંમત ગયા મહિને અઢી ટકા વધી છે.

# અમિત શાહ સહિતના મંત્રીઓએ કાર્યભાર સંભાળ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મોદી કેબિનેટમાં વિભાગોના વિભાજન બાદ મંત્રીઓએ મંગળવારે એટલે કે, ૧૧ જૂનના રોજ ચાર્જ સંભાળ્યો હતો. અમિત શાહનો ગૃહમંત્રી તરીકેનો બીજો કાર્યકાળ શરૂ થયો છે. ચાર્જ સંભાળતા પહેલા શાહ નેશનલ પોલીસ મેમોરિયલ પહોંચ્યા હતા. અહીં તેમણે શહીદ પોલીસકર્મીઓને શ્રદ્ધાંજલિ આપી હતી.ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ સ્વાસ્થ્ય મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો. આ પહેલા તેઓ પાર્ટી કાર્યાલય ગયા અને નેતાઓને મળ્યા હતા. નડ્ડા ૨૦૧૪ થી ૨૦૧૯ સુધી મોદીની પ્રથમ કેબિનેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી પણ હતા.

એસ જયશંકરે વિદેશ મંત્રી તરીકે તેમનો બીજો કાર્યકાળ શરૂ કર્યો છે. તેમણે સાઉથ બ્લોકમાં સ્થિત વિદેશ મંત્રાલયમાં પ્રથમ ફાઇલ પર હસ્તાક્ષર કર્યા હતા અશ્વિની વૈષ્ણવે રેલવે અને માહિતી પ્રસારણ મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.



ગિરિરાજ સિંહે ટેક્સટાઇલ પ્રધાન અને મનોહર લાલ ખટ્ટરે ઊર્જા પ્રધાન તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. ચિરાગ તેની માતા અને પરિવારના અન્ય સભ્યો સાથે ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ મંત્રાલય પહોંચ્યા અને ચાર્જ સંભાળ્યો હતો.

# સૌરાષ્ટ્રમાં બીજે દિવસે મેઘરાજાની મહેરઃ ખેડૂતો દ્વારા વાવણીના શ્રીગણેશ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયમાં ધીમે-ધીમે હવામાનમાં બદલાવ સાથે વરસાદનું જોર વધી રહ્યું છે. સૌરાષ્ટ્રમાં સતત બીજા દિવસે અનેક જિલ્લાઓમાં હળવા તે ભારે વરસાદ વરસતા ખેડૂતોએ વાવણીનાં શ્રીગણેશ કર્યા છે ગઈકાલે અમરેલી જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ વરસતા ગ્રામ્ય વિસ્તારોમાં નદી-નાળા વહેતા થયા હતાં. જેતપુરના હરિપર ગામે એક વૃદ્ધ પાણીમાં થયા હતાં.

હવામાન વિભાગ ની આગાહી મુજબ રાજકોટ જિલ્લાના વિરપુર, જેતપુર



જામકંડોરણા સહિતના તાલુકા માં સવારથી અસહ્ય બફારા બાદ બોપર બાદ ધોધમાર વરસાદ નું આગમન થયું હતું,જેમાં વિરપુર સહિત વિરપુરના ગ્રામ્ય વિસ્તારોમાં જેવા કે મેવાસા, જાંબુડી , કાગવડ, ખીરસરા સહિતના ગામોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો,સાથે જ મેવાસા ગામે ભારે પવન સાથે ધોધમાર અંદજીત ૪ ઈંચ જેવો વરસાદ વરસ્યો હોવાનું ગામ લોકોએ કહ્યું હતું,મેવાસા ગામે ધોધમાર વરસાદ ના પગલે શેરીઓમાં વરસાદી પાણી ફરી વળ્યાં હતા,સાથે જ મેવાસા થી હરિપર રોડ ઉપર વરસાદના પગલે એક છખઇ દ્વારા થોડા મહિના પહેલા ૬ લખાણ ખર્ચે બનાવેલ દીવાલ પણ ધરસાઈ થઈ હતી,સાથે મેવાસા થી હરિપર જવાના રોડ ઉપર પાણી ફરી વળતા વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવાનો પડ્યો હતો,રોડ ઉપર પાણી ફરી વળતા રોડની બંને બાજુ ટ્રાફિક જામ ના દ્રશ્યો સર્જાય હતા,સાથે જ ધોધમાર વરસાદ વરસતા વાવણી કરેલ ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી હતી,અને વરસાદના લોકોને અસહ્ય બફારા માંથી રાહત મળી હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.હરિપર ગામે ખેતરેથી પરત ફરતા વૃદ્ધ પાણીમાં તણાયા હતાં.

ઉના ગીરગઢડા પંથક માં સમી સાંજ નાં સમયે અચાનક વાતાવરણ માં પલટો આવતા આકાશ માં કાળા ડીબાંગ વાદળો વચ્ચે વરસાદી વાતવરણ જોવા મળતું

# સાત રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત, ૧૦ જુલાઈએ મતદાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના સાત રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. ૧૦ જુલાઈએ સાત રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકો પર મતદાન થશે. ૧૩ જુલાઈએ પરિણામ જાહેર થશે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ તમિલનાડુ, મધ્યપ્રદેશ, પંજાબ, બિહારની એક-એક ઉત્તરાખંડની બે, હિમાચલપ્રદેશની ત્રણ અને પશ્ચિમ બંગાળની ચાર બેઠકો પર ૧૦મી જુલાઈએ મતદાન યોજાશે.

આ બેઠકો પર નોટિફિકેશન ૧૪મી જૂને બહાર પડાશે. પેટાચૂંટણી માટે નોમિનેશનની છેલ્લી તારીખ ૨૧મી જૂન નક્કી કરાઈ છે. ૨૪ જૂને ઉમેદવારી




પત્રોની ચકાસણી થશે. ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૨૬મી જૂન છે. ત્યારબાદ ૧૦ જુલાઈએ મતદાન થશે અને ૧૩ જુલાઈએ પરિણામ જાહેર થશે. તાજેતરમાં જ દેશમાં લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં પૂરી થઈ છે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં ૫૪૩ બેઠક પર ચૂંટણી યોજાઈ હતી, જેના પરિણામો મુજબ ભાજપ બહુમતીનો આંકડો પાર કરી શકી નથી. ભાજપે ૨૪૦ બેઠકો જીતતા તેણે એનડીએના સાથી પક્ષોના સહયોગથી સરકાર બનાવી છે. રાષ્ટ્રપતિ ભવન ખાતે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે ત્રીજી વખત પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. તેમની સાથે ૭૧ મંત્રીઓએ પણ શપથગ્રહણ કર્યા છે. આ ઉપરાંત વડાપ્રધાન કાર્યાલયે મોદી કેબિનેટની પ્રથમ બેઠક યોજાઈ હતી, જેમાં તમામ ૭૨ સાંસદોને મંત્રાલયોની વહેંચણી કરી દેવામાં આવી છે.

# કાશ્મીરમાં શ્રદ્ધાળુઓ પર હુમલા પાછળ તોઈબાની શક્યતા, એનઆઈએને તપાસ

## આતંકીઓએ બસ પર ગોળીબાર કરતા ૧૦ લોકોએ જીવ ગુમાવ્યો હતોઃ મૃતકોમાં રાજસ્થાનના એક જ પરિવારના ચાર લોકોનો સમાવેશઃ હુમલાખોરોને શોધવા જંગલમાં મોટું સર્ચ ઓપરેશન

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

જમ્મુ કાશ્મીરમાં રવિવારે આતંકીઓએ શ્રદ્ધાળુઓની બસ પર હુમલો કર્યો હતો. જેમાં ૧૦ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં બે વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. આ હુમલા બાદ આતંકીઓ નાસી છૂટયા હતા, જેની શોધખોળ માટે સૈન્ય દ્વારા મોટા પાયે ઓપરેશન લોંચ કરાયું છે. સાથે જ એનઆઇએ અને એસઆઇએની ટીમ દ્વારા ઘટના સ્થળની મુલાકાત લેવામાં આવી હતી.

આ હુમલાની જવાબદારી કોઇ સંગઠને સ્વીકારી નથી પણ એવી શક્યતા છે કે હુમલા પાછળ લશ્કર-એ-તોઇબાના આતંકીઓ જવાબદાર હોઇ શકે છે. શ્રદ્ધાળુઓ જમ્મુ કાશ્મીરના વૈષ્ણોદેવીમાં



એક શિવ મંદિરે પૂજાપાઠ કરીને પરત ફરી રહ્યા હતા. એ સમયે વચ્ચે જંગલ અને પહાડી વિસ્તારમાં ઘાત લગાવીને બેઠેલા આતંકીઓએ બસના ડ્રાઇવર પર ગોળીબાર કર્યો હતો. જેને કારણે કાબુ ગુમાવી દેવાતા બસ ખાઇમાં ખાબકી હતી જેમાં મોટી જાનહાની થઇ હતી.

તપાસમાં સામે આવ્યું છે કે માર્યા ગયેલા શ્રદ્ધાળુઓમાં બિનકાશ્મીરી પણ હતા. આ હુમલામાં રાજસ્થાનના એક પરિવારના ચાર લોકો માર્યા ગયા છે. જેમાં એક બે વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. જ્યારે પરિવારના અન્ય સભ્યોમાં કાપડ વેપારી ૪૨ વર્ષના રાજેન્દ્ર સૈની તેમના ૪૦ વર્ષીય પત્ની મમતા એક સગા ૩૦ વર્ષીય પૂજા સૈની અને બાળકનો સમાવેશ થાય છે. જ્યારે પીડિતોમાં ત્રણ ઉત્તર પ્રદેશના લોકોનો પણ સમાવેશ થાય છે. બસમાં કુલ ૫૩ લોકોની બેઠક વ્યવસ્થા હતી. આ હુમલાને પગલે જમ્મુ પ્રાંતમાં બંધ પાળવામાં આવ્યો હતો જ્યારે મોટા પાયે લોકોએ આતંકવાદ સામે વિરોધ પ્રદર્શન પણ કર્યા હતા.

# ફાયર NOC અને BU પરમિશન માટે સમય આપોઃ મ્યુનિ. કમિશનર સમક્ષ ચેમ્બરની રજૂઆત

## ૨૦૦૦થી વધુ વેપારીઓ, ઉદ્યોગકારો, શાળા સંચાલકો, બેન્કો, હોસ્પિટલો, હોટેલો અને કલાસીસના પ્રતિનિધિઓની જોડાયા





(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મનપા દ્વારા ધડાધડ મિલકતો સીલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. મનપા તંત્ર દ્વારા આડેધડ મરાતા સીલને લઈને વેપારીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાના આગેવાનોમાં ભારે રોષ પણ છે. ત્યારે આજે જુદાં-જુદાં ૫૦થી વધુ એસોસિએશનના હોદ્દેદારોએ મ્યુ. કમિશનરને રજૂઆત કરી હતી. જેમાં દુકાનો, શોરૂમ, ઔદ્યોગિક એકમો, શાળાઓને આડેધડ સીલ કરવાની સામે વિરોધ પ્રગટ કર્યો હતો અને ફાયર ગઘઈ ઉપરાંત ઇઞ પરમિશન મુદ્દે વેપારીઓને હેરાન કરવામાં આવતા હોવાનો આરોપ લગાવી આ પ્રક્રિયા માટે સમય આપવા માંગ કરવામાં આવી હતી. જેમાં મ્યુ. કમિશનરે નિયમો અનુસાર શક્ય મદદ કરવાની ખાતરી આપી હતી.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝનાં સેક્રેટરી નૌતમ બારસિયાનાં જણાવ્યા અનુસાર આજે રાજકોટનાં તમામ વેપારી એસોસિએશનો દ્વારા મ્યુ. કમિશનરને રજૂઆત કરવામાં આવી છે. જેમાં સીલિંગની કાર્યવાહી ચાલી રહી છે તે કરતા પહેલા વેપારીઓને થોડો સમય આપવાની માંગ કરવામાં આવી છે. અમારા માટે પણ પ્રજાની અને સ્ટાફની સેફટી મહત્વની છે અને નિયમો પાળવામાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા અમે માંગતા નથી. પરંતુ ફાયર ગઘઈનાં બદલાયેલા નિયમો મુજબના સાધનો વસાવી જરૂરી વ્યવસ્થા કરવા માટે થોડો સમય મળે તે જરૂરી છે. આ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જો કોઈપણ સંસ્થા ફાયર ગઘઈ ન ધરાવતી હોય તો તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સનાં વાઇસ પ્રેસિડેન્ટ પાર્થ ગણાત્રાએ જણાવ્યું હતું કે, સરકાર અને કોર્પોરેશન દ્વારા જે રીતે તાત્કાલિક ફાયર ગઘઈ લેવામાં નહીં આવે તો સીલ મારી દેવામાં આવશે તેવું વલણ અપનાવવામાં આવ્યું છે. છેલ્લા સપ્તાહમાં અનેક એકમોને સીલ કરી દીધા છે. આ પ્રકારની કામગીરી સામે વેપારીઓમાં વિરોધ છે. ૧૦-૧૫ વર્ષ જુના બિલ્ડીંગોમાં તંત્રએ અત્યાર સુધી કોઈ ચેકિંગ કેમ ન કર્યું? હાલ અચાનક સીલ કરી દેવામાં આવી રહ્યા છે. જે યોગ્ય નથી. ફાયર ગઘઈ લેવા માટે બધા તૈયાર છે પણ સરકારે સાધનો લેવા માટેનો સમય આપવો જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું કે, સરકાર અને તંત્ર આવો જ અભિગમ ચાલુ રાખશે. તો અત્યારે ૧૦૦૦ લોકો આવ્યા છે. આગળ જતાં સપ્તાહમાં ૧૦,૦૦૦ લોકો આવશે. આ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે. તો વેપાર-ધંધા અને સ્કૂલો પણ બંધ થઈ જશે. શા માટે સીલ લાગે છે? કઈ રીતે ખોલી શકાય છે તેની પણ કોઈ ગાઈડલાઈન નથી. તો આ બાબતોથી સામાન્ય વેપારી અવગત થાય તેવી ગાઈડલાઈન જાહેર કરવી જોઈએ. ફાયર ગઘઈ અંગેની ગાઈડલાઈનનો પ્રચાર થવો જોઈએ. હાલ જે કામગીરી કરવામાં આવી છે. તેનાથી વેપારીઓ પરેશાન થઈ ઉઠ્યા છે, ત્યારે વ્યવહારુ અભિગમ સાથે કામગીરી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.


મ્યુ. કમિશનર દેવાંગ દેસાઈનાં જણાવ્યા અનુસાર છેલ્લા ત્રણેક દિવસથી ફાયર ગઘઈ અને BU પરમિશન માટે સમય આપવાની રજૂઆતો મળી રહી છે. કેટલાક લોકો પાસે ફાયર ગઘઈ છે ઇઞ નથી, તો કેટલાક લોકોની પાસે ઇઞ છે પણ ફાયર ગઘઈ નથી. અને અમુક એવા એકમો છે જેની પાસે બન્નેમાંથી કંઈપણ નથી. રાજકોટ સહિત અન્ય શહેરોમાં પણ આ પ્રકારની રજૂઆતો મળી રહી છે, ત્યારે રાજ્ય સરકાર અને અન્ય મહાનગરપાલિકાઓ સાથે સંકલન સાધી આગામી બે દિવસમાં આ માટેની ખાસ એસઓપી બનાવવામાં આવશે અને ટૂંક સમયમાં તેની જાહેરાત કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, અગાઉ તક્ષશિલા કાંડ વખતે પણ તંત્ર સમક્ષ વેપારીઓ અને શાળા સંચાલકો દ્વારા આ પ્રકારની રજૂઆતો કરવામાં આવી હતી. જેને લઈને સમય પણ આપવામાં આવ્યો હતો. જોકે પાછળથી તંત્ર દ્વારા કોઈ ચેકિંગ કરવામાં આવ્યું નહોતું. જેના કારણે આજે પણ અનેક સ્થળોએ ગેરકાયદેસર બાંધકામો અને ફાયર ગઘઈ વિનાના એકમો જોવા મળી રહ્યા છે, ત્યારે જો ફરી સમય આપવામાં આવે તો આ બાબતનું પુનરાવર્તન ન થાય તેનું તંત્રએ ધ્યાન રાખવું જરૂરી છે. હાલ મનપા કમિશનરે આ માટે કામગીરી કરવાની ખાતરી આપી છે.

# મોરબી બ્રાંચ નર્મદા કમાન્ડમાં આવતી કેનાલોના વિસ્તારના ખેડૂતો આગોતરા વાવેતરથી ઉપજ લઇ શકશે

## ધારાસભ્ય દુર્લભજી દેથરીયાની રજૂઆતને ધ્યાને લઇ સિંચાઈ માટે ૧૦ હજાર ક્યુસેક પાણી છોડવા રાજ્ય સરકારે મંજૂરી આપી

**મુખ્ય સમાચાર, મોરબી**

નર્મદા આધારીત કેનાલો પૈકી ધ્રાંગધ્રા બ્રાંચ, માળીયા બ્રાંચ, મોરબી બ્રાંચ કેનાલોમાં સમાવિષ્ટ વિસ્તાના ખડુતો દ્વારા લેખીત તેમજ મૌખિક રજુઆતો કરી કે આગોતરા વાવેતરથી ઉપજ સારી આવી શકે જે માટે પાણીની વ્યવસ્થાની માંગણી કરતી રજૂઆતને આધારે ટંકારા-પડધરી ધારાસભ્ય દુર્લભજી દેથરીયાએ રાજ્યના મુખ્યમંત્રી તેમજ સિંચાઈ મંત્રીને કરેલ રજૂઆતને મંજૂરીની મ્હોર આપી છે જે બદલ ધારાસભ્ય તથા ખેડૂતોએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.



ટંકારા-પડધરી વિધાનસભાના ધારાસભ્ય દુર્લભજી દેથરીયાની પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર મોરબી જીલ્લામાં નર્મદા આધારિત કેનલો પૈકી ધ્રાંગધ્રા બ્રાન્ચ, માળીયા બ્રાન્ચ, મોરબી બ્રાન્ચ કેનાલોમાં સમાવિષ્ટ વિસ્તારના ખેડૂતોને આગોતરા વાવેતર માટે પાણી આપવા માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સિંચાઇ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને રજૂઆત કરેલ હતી. આ રજૂઆત ને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા નર્મદા કમાન્ડમાં સિંચાઇ માટે તા.૧૦ જૂનથી ૧૦,૦૦૦ ક્યુસેક પાણી નર્મદા નહેરોમાં આપવા મંજૂરી આપેલ છે અને બે દિવસમાં પાણી વિતરણ કરવામાં આવશે. ત્યારે સરકારના આ નિર્ણયનો ધારાસભ્ય દુર્લભજી દેથરીયા તથા ખેડુતો દ્વારા આવકારવામાં આવેલ અને મુખ્યમંત્રી તથા સિંચાઇ મંત્રી તેમજ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરેલ છે.

# ચેલા-ચંગા પાસે ત્રિપલ સવારી બાઈકને ડમ્પરે ઠોકરે લેતા એકનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર-લાલપુર માર્ગ ચેલા-ચંગા નજીક ડમ્પર અને ત્રિપલ સવારી બાઈક વચ્ચે અકસ્માત થતાં એક યુવકનું મૃત્યુ થયું હતું જ્યારે અન્ય બે ને ઈજા પહોંચી હતી. મૂળ પોરબંદર પંથકના અને હાલ જામનગરમાં રહેતા અરશી હરભમ કેશવાલા (૨૨) અભય કેશવાલા (૨૨) અને અરદાન નામના ત્રણ યુવાનો બાઈક ઉપર જામનગર-લાલપુર માર્ગે ચેલા-ચંગા પાસેથી પસાર થતા હતાં ત્યારે જીજે.-૨-વીવી-૭૩૭૦ નંબરના ડમ્પરે બાઈકને હડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં ઈજાગ્રસ્ત ત્રણેયને સારવાર માટે ૧૦૮ મારફત હોસ્પિટલમાં લઈ જવાયા હતાં. જ્યાં અરશીભાઈનું મૃત્યુ નિપજ્યુ હતું જ્યારે અન્ય બન્ને ઘાયલ યુવાનોની સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે પોલીસે ડમ્પર ચાલક સામે ગુન્નો નોંધી તપાસ હાથ ધરી છે.

### મનપાના સત્તાધીશો નરસિંહ મહેતા તળાવની મુલાકાતે

# જુનાગઢ નરસિંહ મહેતા તળાવ બ્યુટીફિકેશનની ૭૦% કામગીરી પૂર્ણ, વરસાદી પાણી તળાવમાં ભરાતા ગંદકી ન થાય તે માટે જાડી જાખરા સાફ કરવા સૂચના







**મુખ્ય સમાચાર, ગૌતમ ચૌહાણ**

**જૂનાગઢ:** જુનાગઢ શહેરની મધ્યમાં કરોડો રૂપિયાના ખર્ચે નરસિંહ મહેતા તળાવના બ્યુટીફિકેશનની કામગીરી હાલ શરૂ છે ત્યારે જુનાગઢ મહાનગરપાલિકાના મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા તળાવની મુલાકાત લેવામાં આવી હતી. ચોમાસાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વરસાદી પાણી તળાવમાં આવ્યા બાદ તેનો યોગ્ય રીતે સંગ્રહ થઈ શકે તે માટે સત્તાધિશો દ્વારા જરૂરી સૂચના આપવામાં આવી હતી. તો બીજી તરફ તળાવના બ્યુટીફિકેશનની કામગીરી ૭૦% પૂર્ણ થઈ છે તેમજ આવનારા સમયમાં વહેલી તકે નરસિંહ મહેતા તળાવ ની કામગીરી પૂર્ણ થાય તે માટે કોન્ટ્રાક્ટર ને સૂચના આપવામાં આવી હતી. નરસિંહ મહેતા તળાવમાં પાણીના નિકાસ માટે અવરોધ રૂપ જારી જાંખડા વહેલી તકે સાફ કરવા અને તાત્કાલિક ધોરણે સારી કામગીરીથી નરસિંહ મહેતા બ્યુટીફિકેશનનું કામ પૂર્ણ કરવામા આવે તેવી સૂચના મહાનગરપાલિકાના સત્તાધિશો દ્વારા આપવામાં આવી હતી.

જુનાગઢ મહાનગરપાલિકાના મેયર ગીતાબેન પરમારે જણાવ્યું હતું કે આજે જુનાગઢ નરસિંહ મહેતા તળાવની મુલાકાત લીધી હતી. હાલ તળાવનું કામ શરૂ છે જેમાં ઈન લેટ અને આઉટ લેટ નું કામ પૂર્ણ થવા આવ્યું છે. અને ચોમાસા દરમિયાન જે પાણી તળાવમાં આવવાનું છે તેના માટે જાડી ઝાંખડા સાફ કરવા માટેની પણ સૂચના આપવામાં આવી છે. ત્યારે ચોમાસુ પણ નજીક આવી રહ્યું છે. ત્યારે તાત્કાલિક ધોરણે પાણીના નિકાલ માટેની આડસ હોય ત્યાં સાફ-સફાઈ કરી પાણી તળાવમાં આવે તે રીતે સૂચના આપવામાં આવેલ છે. હાલ ૨૫૦ થી વધુ માણસો દ્વારા આ તળાવનું કામ કરવામાં આવી રહ્યું છે....

જુનાગઢ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશ પરસાણા એ જણાવ્યું હતું કે આજે નરસિંહ મહેતા તળાવની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં નરસિંહ મહેતા બ્યુટીફિકેશનનું કામ ૭૦% પૂર્ણ થયું છે. જેમાં તળાવના ઇન લેટ અને આઉટલેટની મુલાકાત લીધી હતી. ત્યારે ઈન લેટ સંપૂર્ણ પુરા થવાની તૈયારીમાં છે. ત્યારે ચોમાસા દરમિયાન વરસાદી પાણી તળાવમાં આવશે. તેના માટે ઈન લેટ સંપૂર્ણ ચોખ્ખો કરી દેવામાં આવ્યો છે. આઉટલેટ નું કામ હાલ પૂરી ગતિથી શરૂ છે અને બે ચાર દિવસમાં આ કામ પણ પૂર્ણ થઈ જશે. ત્યારે આવનાર મોનસૂનમાં તળાવને પાણીમાં ભરવા માટેની કાર્યવાહી મહાનગરપાલિકા અને કોન્ટ્રાક્ટર દ્વારા થઈ રહી છે....

# પેટ્રોલ પંપના સંચાલક સાથે રૂપિયા ૬૦ હજાર ની છેતરપિંડી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નિકાવા ગામ પાસે આવેલા એક પેટ્રોલ પંપમાં હંગામી ધોરણે ફીલર તરીકે નોકરીમાં રહેલા બે શખ્સોએ પેટ્રોલ-ડીઝલના હિસાબ ની ૫૯,૯૮૧ ની રોકડ રકમ ગ્રાહકો પાસે ઉઘરાવ્યા પછી તે જમા નહીં કરાવી બારોબાર બાગી છૂટ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં કાલાવડ ગ્રામ્ય પોલીસ બંને શખ્સોને શોધી રહી છે.આ ફરિયાદ ના બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના આણંદપર ગામમાં રહેતા અને નિકાવા રોડ પર પેટ્રોલ પંપ ધરાવતા કરમણભાઇ દેવજીભાઈ ગોરસીયા નામના પેટ્રોલ પંપ સંચાલકે પોતાના પેટ્રોલ પંપમાં ફિલર તરીકે હંગામી ધોરણે નોકરી પર રહેલા રાજસ્થાનના વિરેન્દ્ર સિંહ હમીરસિંહ અને તેના મિત્ર દીપક સામે રૂપિયા ૫૯,૯૮૧ ની રકમ ઓળવી જવા અંગેની ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર બંને શખ્સ ફિલર તરીકે નોકરી કરવા માટે જોડાયા હતા, અને તેઓએ જુદા જુદા ગ્રાહકો પાસેથી ૫૯,૯૮૧ ની રોકડ રકમ ઉઘરાવ્યા પછી પેટ્રોલ પંપમાં જમા નહીં કરાવી બારોબાર ભાગી છૂટ્યા હતા. જેથી બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવાઈ છે. જે આરોપીઓને કાલાવડ ગ્રામ્યના પી.એસ.આઇ વી.એ.પરમાર અને તેઓની ટીમ શોધી રહી છે.

# જામનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે બાજરીના પાક અંગે તાલીમ સત્રનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગત વર્ષ ૨૦૨૩ ને ''આંતરરાષ્ટ્રીય મિલેટસ વર્ષ'' તરીકે ઉજવવામાં આવ્યું હતું. જેના અનુસંધાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર કેન્દ્ર દ્વારા ઉનાળુ ઋતુ દરમિયાન જામનગર જિલ્લાના વિવિધ ગામોમાં ખેડૂતોને બાજરા પાકની વિકસાવેલી નવી બાયો-ફોર્ટીફાઈડ જાત ૠઈઇ-૧૧૨૯ (જામ શક્તિ) ના પ્રથમ હરોળના નિદર્શનો અને તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.






જામનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો.કે.પી.બારૈયા, બાજરા સંશોધન કેન્દ્રના વડા ડો.કે.ડી.મુંગરા અને કૃષિ વૈજ્ઞાનિક એન.ડી.અંબાલીયા દ્વારા અલીયાબાડા ગામના ખેડૂત સુરેશભાઈ બચુભાઈ મકવાણાના ખેતર ખાતે બાજરાની જાતના ગુણધર્મો, તેમની ખોરાકમાં અગત્યતા, બાજરાનું ઉત્પાદન કરવાની રીતો, મૂલ્ય વર્ધન વગેરે વિષયો ઉપર ખેતર ઉપર જ ખેડૂતોને પ્રત્યક્ષ નિદર્શન સાથે તાલીમ આપવામાં આવી હતી.ઉક્ત નિદર્શન પ્લોટ જોતા ખેડૂતોએ જામ શક્તિ બાજરાની જાત અન્ય જાતોની સરખામણીએ ખૂબ જ ભરાવદાર ડુંડા, એક સરખો પાક, વધુ ફૂટ તેમજ તાપ સામે પ્રતિકારક (હિટ ટોલરન્સ), પશુ ઘાસચારા તરીકે પણ સારું ફોડર ક્વોલીટી તેમજ વહેલી પાકી જાય તેવી જાત તરીકે ગણાવી હતી. આ અંગે કૃષિ વૈજ્ઞાનિકોએ વધુમાં જણાવ્યું હતું કે આ જાત અન્ય જાત કરતા વધુ પ્રમાણમાં લોહ તત્વ (Fe)અને જસત/ઝીંક (Zn) ખૂબ જ વધુ પ્રમાણમાં ધરાવે છે. તેથી તે ખોરાકમાં ન્યુટ્રીશન માટે વધુ સારો વિકલ્પ ગણી શકાય. આ તાલીમ સત્ર દરમિયાન ૨૮ જેટલા ખેડૂતોએ કૃષિ વૈજ્ઞાનિકો સાથે વાર્તાલાપ કરીને માર્ગદર્શન મેળવ્યું હતું. તેમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં નિર્માણાધીન પંચાસર રોડ અને રવાપર રોડના કામ દર્શાવતું નિયમોનુસાર બોર્ડ મુકવા કોંગ્રેસ સમિતિની માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં હાલ નગરપાલિકા દ્વારા શહેરમાં નવા બનતા રોડના કામમાં રવાપર રોડ તેમજ પંચાસર રોડનું કામ ચાલુ છે. જેમાં માર્ગ મકાન વિભાગના નિયમોનુસાર કામની વિગતો દર્શાવતું બોર્ડ લગાડવામાં આવ્યું નથી તેમજ એજન્સી તરફથી સાઈટ ઈજનેર જો ન હોય તો તેની પણ વ્યવસ્થા કરવા મોરબી કોંગ્રેસ દ્વારા પાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.



મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચીખલીયા દ્વારા ચીફ ઓફિસરને રજૂઆત કરી જણાવવાયું છે કે મોરબી નગરપાલીકા હેઠળ હાલમાં પંચાસર રોડ તથા રવાપર રોડનું કામ ચાલી રહયું છે. બંને રોડની અંદાજીત કિંમત એક કરોડથી વધારે છે. જેમાં માર્ગ મકાન વિભાગના પરિપત્ર મુજબ એક કરોડથી વધુ રકમના કામમાં રોડ રસ્તા કે વિકાસના કામની વિગત દર્શાવતું બોર્ડ કામ ચાલુ હોય ત્યાં મુકવાનું હોય છે. પરંતુ પંચાસર રોડ અને રવાપર રોડ ઉપર આવા રોડની વિગત દર્શાવતા બોર્ડ દેખાતા નથી એટલે કે બોર્ડ મુકવામાં આવેલ નથી. તો તાત્કાલીક ધોરણે જાહેર જનતાને વાંચી શકાય તે રીતે બંને સાઈટ ઉપર રોડની વિગત દર્શાવતા બોર્ડ મુકવામાં આવે. તેમજ કામ કરતી એજન્સી દ્વારા સાઈટ ઉપર પોતાનો ઈજનેર રાખેલ છે કે કેમ ? તેની તપાસ કરવામાં આવે અને જો ન રાખેલ હોય તો તાત્કાલીક કામ ચાલુ હોય ત્યાં ઈજનેર મુકવા એજન્સીને સુચના આપવામાં આવે. તેવી મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દ્વારા રજૂઆત કરી માંગણી મુકવામાં આવી છે.

# કાલાવડમાં પ્રેમલગ્ન કરનાર યુવક અને તેના વૃદ્ધ પિતા પર હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડમાં પ્રેમલગ્ન કરનાર યુવક અને તેના વૃદ્ધ પિતા પર હુમલો કાલાવડ ટાઉનમાં રહેતા એક યુવાને પ્રેમ લગ્ન કર્યા પછી પ્રેમિકાના પરિવારના ત્રણ સભ્યોએ પ્રેમી યુવાન અને તેના વૃદ્ધ પિતા પર લોખંડના પાઇપ અને ધોકા વડે હુમલો કરી ઇજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે કાલાવડમાં શ્યામ વાટિકા સોસાયટીમાં



રહેતા અને નિવૃત્ત જીવન જીવતા તરુણભાઈ જેસ્ઠારામ આડ ઠક્કર નામના ૬૦ વર્ષના બુઝુર્ગે પોતાના ઉપર તેમજ પોતાના પુત્ર ચિરાગ ઉપર લોખંડના પાઇપ અને ધોકા વડે હુમલો કરી ઇજા પહોંચાડવા અંગે તેમ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે કાલાવડ માંજ રહેતા રફીકભાઈ ગેરેજવાળા ઉપરાંત અયાન અને ઈરફાન પટણી વગેરે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી તરુણભાઈ ના પુત્ર ચિરાગે હુમલાખોર આરોપી ઈરફાનભાઇની પુત્રી સાથે પ્રેમ લગ્ન કર્યા હોવાથી તેનું મન દુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

# રાજુલા આહિર સમાજ સમૂહ લગ્ન સમિતિ દ્વારા સાત ફેરા યોજના અને મેરેજ સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા આહિર સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા ૨૩ માં સમૂહલગ્ન સફળતાપૂર્વક પૂર્ણ કરવામા આવતા સમૂહલગ્નમા જોડાયેલ ૩૯ નવદંપતીઓને આહિર સમાજની વાડી ખાતે સરકારમાંથી મળતી સહાય તેમજ મેરેજ સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ.જેમાં સમિતિના પ્રમુખ બાબુભાઈ વાણીયા સહિતની ટીમ દ્વારા મેરેજ સર્ટીફીકેટનુ વિતરણ કરી સરકાર દ્વારા મળેલ સહાય બાબતે હાજર લોકો અને યુગલોને માહિતગાર કરવામા આવેલ અને સમૂહલગ્નમા જોડાયેલ નવદંપતીઓને મેરેજ સર્ટિફિકેટ તેમજ સાતફેરા સમુહલગ્ન અને કુંવરબાઈના મામેરાની સરકારની નવ લાખ છત્રીસ હજારની સહાય આપવાની સુંદર કામગીરી હિતેશભાઈ કાતરીયા,ગોપાલભાઈ જાલોંધરા અને નાગજીભાઈ જીંજાળા સહિતની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી તેમજ આગામી સમયમાં લોકોની અનુકૂળતા મુજબ વધારે યુગલો જોડાય તે રીતે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવશે અને આહિર સમાજની વાડી ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં પ્રમુખ બાબુભાઈ વાણીયા,ઘુઘાભાઈ કાતરીયા,બચુભાઈ જાલોંધરા,તાલુકા હેલ્થ ઓફિસર ડો.નિલેશભાઈ કલસરીયા,યાદવ યુવા ગ્રુપના પ્રમુખ લાલજીભાઈ જીંજાળા, ભુપતભાઈ લાડુમોર,નાગજીભાઈ જીંજાળા,નરશીભાઈ જાલોંધરા, હિંમતભાઈ જાલોંધરા, ધનજીભાઈ જાલોંધરા, નરેશભાઈ બલદાણીયા, હરેશભાઈ કાતરીયા,ચિથરભાઈ કાતરીયા,હર્ષદભાઈ હડિયા,ચીથરભાઈ જીંજાળા, ભુપતભાઈ બલદાણીયા, શામજીભાઈ હડિયા,માધાભાઈ જીંજાળા,દુલાભાઈ જાલોંધરા અને ભવાનભાઈ જીંજાળા સહિતના સભ્યો હાજર રહી કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.

# મનરેગા યોજના હેઠળ ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ

## જસદણ પંથકમાં મનરેગા યોજનામાં ડીઝીટલ હાજરીમાં પૂરી સંખ્યા, હાજરીપત્રક કોરા, સ્થળ પર નહિવત સંખ્યા તેમ છતાં ચોપડે પૂરેપૂરું ચુકવણું દર્શાવાય છેઃ સ્થળ તપાસ કરતા ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટયો





**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

દેશના ગ્રામીણ વિસ્તારોમાં લોકોને રોજગાર આપવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (મનરેગા) લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ રોજગારની ખાતરી આપવામાં આવી છે. જેથી જરૂરિયાતમંદ લોકો તેમની આજીવિકા મેળવી શકે. સમય જતાં આ કાયદાને લગતા નિયમોમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા હતા. જેમાં ભ્રષ્ટાચાર પર અંકુશ લાવવા માટે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયની માર્ગદર્શિકા પર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (ખત્રૠગઇઈીત્રૠઅ) હેઠળ કામ કરતા મજૂરો માટે ૧ જાન્યુઆરી ૨૦૨૩ થી ડિજિટલ હાજરી મૂકવી ફરજિયાત કરવામાં આવી હતી. આ કાયદામાં ફેરફારનો હેતુ ભ્રષ્ટાચારને રોકવાનો તેમજ જવાબદારીને ઠીક કરવાનો અને મસ્ટર રોલમાં ડુપ્લિકેશન ટાળવાનો હતો. પરંતુ જસદણ પંથકમાં ખુલ્લો ભ્રષ્ટાચાર આચરવા માટે ડીઝીટલ હાજરીને ઘોળી પી જવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં જસદણ તાલુકામાં હાલ દેવપરા, બાખલવડ, હડમતીયા(ખાંડા), ભાડલા, બળધોઈ અને દહીંસરા ગામે મનરેગા યોજના હેઠળ કામગીરી ચાલી રહી છે. જેમાં જવાબદારો દ્વારા ગેરહાજર લોકોની ખોટી હાજરી પૂરી ખુલ્લો ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની બુમરાણ ઉઠતા દિવ્ય ટીમ દ્વારા જસદણના દેવપરા, બાખલવડ અને હડમતીયા(ખાંડા) ગામે રીયાલીટી ચેક કરવામાં આવી હતી. જેમાં દેવપરા ગામે ૯૭ લોકોની ઓનલાઈન હાજરી પુરવામાં આવી હતી. પરંતુ સ્થળ પર તપાસ કરતા માત્ર ૫૨ લોકો જ હાજર હતા અને બાકીના લોકો ગેરહાજર હતા. હાજરીપત્ર પણ કોરેકોરા જોવા મળ્યા હતા. જ્યારે બાખલવડ ગામે ૪૬ લોકોના બદલે ૩૫ લોકો અને હડમતીયા(ખાંડા) ગામે ૬૮ ના બદલે ૬૦ લોકો જ હાજર હતા. જ્યાં હાજરીપત્રકમાં ગેરહાજર તમામ લોકોની પુરેપુરી હાજરી પણ પૂરી નાખવામાં આવી હતી. જેને જોતા જવાબદાર તંત્રના ભ્રષ્ટાચારની પોલખોલ થઈ ગઈ હતી. ખરેખર જે લોકોની ઓનલાઈન હાજરી પુરવામાં આવી હોય તેને આખો દિવસ ફરજીયાત હાજર રહેવું પડે છે અને તો જ તેમને વળતર ચૂકવવાનું હોય છે. જો કોઈ વ્યક્તિ રોજગાર મેળવવા માટે આવી શકે તેમ ન હોય તો તેની ઓનલાઈન હાજરી પૂરી શકાતી નથી. તેમ છતાં ગામના સરપંચ, તલાટી મંત્રી, મેટ, એપીઓ, ટેકનીકલ સ્ટાફ અને ટીડીઓ સહિતની મીલીભગતથી જસદણ પંથકમાં મનરેગા યોજનામાં છેલ્લા ઘણા દિવસોથી ખોટી હાજરી પૂરવાનો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હતો. પરંતુ મનરેગા યોજના હેઠળ ચાલતા ભ્રષ્ટાચારનો ભાંડાફોડ કરતા જવાબદાર તંત્ર મુંજવણમાં મુકાઈ ગયું હતું. જો કે આ અંગે જસદણના ટીડીઓ દ્વારા તપાસના આદેશ આપવામાં આવતા ભ્રષ્ટાચારીઓમાં દોડધામ મચી જવા પામી છે. જો આ ભ્રષ્ટાચાર અંગે તટસ્થ તપાસ કરવામાં આવે તો અનેક બાબુઓના તપેલા ચડી જાય તેવી શક્યતા છે.

### ઓનલાઈન હાજરી ૯૭ લોકોની બોલે છે, હાજરમાં ૫૨ જેટલા લોકો છેઃ ભરતભાઈ વાસાણી

હું દેવપરા ગામે રાહત કામમાં મેટ તરીકેની ફરજ બજાવું છું. આજે ઓનલાઈન હાજરી ૯૭ લોકોની બોલે છે. હાજરમાં ૫૨ જેટલા લોકો છે. અમારે ટોટલ ૧૫૫ લોકોની સંખ્યા છે. અમને તલાટી મંત્રીએ કામગીરી સોંપી હોવાથી અમે હાજરીપત્રકમાં કોઈની હાજરી પૂરી નથી. અમારા તલાટી મંત્રીનું મને નામ ભુલાઈ ગયું છે. અમારે ઓનલાઈન હાજરી પુરાઈ ગઈ છે ખાલી હાજરીપત્રકમાં જ બાકી છે.

### તમે અમને ધ્યાન દોર્યું એટલે આ બાબતે હવે પછી આવું નહી બનેઃ વિપુલભાઈ ગેલાતર-નરેગા એપીઓ,જસદણ તાલુકા પંચાયત

અત્યારે ૬ ગામોમાં સામુહિક કામો શરૂ છે. સવારે એ લોકો સવારે ૭થીટ વાગ્યા સુધીમાં હાજરી પૂરે છે અને બપોરે ૧૨ વાગ્યા આસપાસ હાજરી પૂરે છે. ઓનલાઈન હાજરી સવારે ૭થીટ વાગ્યાની વચ્ચે પુરવાની હોય છે. જે લોકોની ઓનલાઈન હાજરી પૂરી હોય તેમને ફરજીયાત ૭થીટ કલાક સ્થળ પર હાજર રહેવાનું હોય છે. જો કોઈ સ્થળ પર હાજર ન રહે તો તેની ગેરહાજરી પૂરી તેનું પેમેન્ટ કરતા નથી. હાજરીપત્રકમાં સવારે ૭ વાગ્યે અડધી હાજરી અને બપોરે ૧૨ વાગ્યે આખી હાજરી પુરવાની હોય છે. જો હાજરીપત્રમાં હાજરી જ ન પૂરી હોય તો ઓનલાઈન હાજરી પૂરેલી હોય છે. અમે સ્થળ પર જે મેટને રાખેલા હોય છે તેમને થોડું ઘણું કામ હોય તેના લીધે હાજરી પુરવામાં વહેલા મોડું થયું હશે. અમે આ બાબતે જે તે ગામના સરપંચ, તલાટી મંત્રી અને મેટને નોટીસ આપીશું અને નિયમ મુજબ તેમની સામે કાર્યવાહી કરીશું. જ્યારથી આવું બન્યું હશે તેની અમે તપાસ કરીશું. નરેગાના નિયમ મુજબ સ્થળ પર થયેલ કામનું ચુકવણું તેમની હાજરીને ધ્યાને લઈને જ પેમેન્ટ ચુકવવામાં આવે છે. હવે આ બાબતે હવે પછી નહી બને. અમારે બધા ગામમાં સ્થળ તપાસમાં જવાની જવાબદારી હોય છે. આ બાબતે તપાસ કરી જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરીશું.

### આ બાબતે હું આજે જ તપાસના આદેશ આપું છુંઃ કે.આર.ચુડાસમા-ટીડીઓ,જસદણ

જે મજુર કામે આવે તેની જ ઓનલાઈન હાજરી પુરવાની હોય છે. જે લોકોની ઓનલાઈન હાજરી પૂરી હતી અને જે લોકો હાજર ન હતા તે બાબતે હું આજે જ તપાસના આદેશ આપું છું. આ બાબતની સંપૂર્ણ જવાબદારી જે તે મેટની હોય છે. સાથોસાથ અન્ય જે કોઈની પણ જવાબદારી આવતી હશે તેની સામે પણ અમે તપાસ કરીશું કે ક્યાં ભ્રષ્ટાચાર થાય છે. અમે ઓનલાઈન હાજરી કોણે પૂરી હતી અને કોણ સ્થળ પર હાજર ન હતા તેની અમે તપાસ કરીશું. આમાં હાજરી બાબતે સૌપ્રથમ મેટની જવાબદારી બને છે અને આમાં આખા મનરેગા વિભાગની જવાબદારી સંચાલન માટેની આવે છે. મારી જવાબદારી ગ્રામપંચાયતનું સંચાલન કરવાની હોય છે. આમાં મેટની, જીઆરએસ, એપીઓ સહિતની તમામની જવાબદારી આવે છે. આમાં ઓનલાઈન હાજરી જ માન્ય રાખવામાં આવે છે અને ઓફલાઈનની હાજરી માન્ય રાખવામાં આવતી નથી. આ બાબતે અગાઉ મારી પાસે કોઈ રજૂઆત આવેલ નથી. આ બાબતે અમે ઓનલાઈન હાજરીના આધારે તપાસ કરીશું.

# ખેરડી ગામે પ્રેમ પ્રકરણ બાબતે ડખ્ખો: પ્રૌઢ પર બે શખ્સોનો હુમલો

## ઈજાગ્રસ્તનો ભત્રીજો આરોપીની પુત્રવધુને ભગાડી જતા પિતા-પુત્રએ હુમલો કરી હાથ-પગ ભાંગી નાંખ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ખેરડી ગામે પ્રેમપ્રકરણનો ખાર રાખી આધેડ ઉપર પિતા-પુત્રએ ધોકાથી હુમલો કરી હાથ-પગ ભાંગી નાખ્યો હતો. ભત્રીજો આરોપીની પુત્રવધુને ભગાડી ગયો હોય જેનો ખાર રાખી હુમલો કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ખરેડી ગામે રહેતા રામજીભાઈ માવજીભાઈ નકુમ(ઉ.વ ૫૦)એ કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગામમાં જ રહેતા વલ્લભ નારણભાઈ પરમાર અને તેના પુત્ર કિશોરના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે સવારના સુમારે તે ઘર નજીક રામાપીરના મંદિર પાસે પહોંચતા વલ્લભ અને તેનો દીકરો કિશોર બંને તેની પાસે આવી કોઈપણ જાતની વાતચીત કર્યા વગર ઝઘડો કરવા લાગ્યા હતા અને વલ્લભે તેના હાથમાં રહેલી લાકડી વડે હુમલો કરી દીધો હતો.આધેડ હાથ આડો રાખતા હાથનાભાગે લાકડીના ઘા લાગી ગયા હતા અને ડાબા પગમાં તથા હાથમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. દરમિયાન અહીં લોકો એકત્ર થતાં આ પિતા- પુત્ર અહીંથી જતા રહ્યા હતા ત્યારબાદ આદરણી ૧૦૮ મારફત સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં તેમને પગના નળાનાભાગે અને હાથમાં આંગળીમાં ફ્રેક્ચર થઈ ગયું હોવાનું માલુમ પડયું હતું.

રામજીભાઈએ પોતાની ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેના સગા નાના ભાઈ પ્રવીણ નકુમ કે જે અગાઉ ગામમાં જ રહેતો હતા હાલ રાજકોટ રહેવા જતા રહ્યા હોય તેના પુત્ર હિતેન અને વલ્લભભાઈની પુત્રવધુ વચ્ચે પ્રેમ સંબંધ હોય અને આ બંને ભાગી જતા આ બાબતના મનદુ:ખનો ખાર રાખી આ હુમલો કર્યો હતો. આ મામલે પોલીસે આરોપી પિતા-પુત્ર સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ભુલી પડેલી માનસિક અસ્વસ્થ મહિલાનું તેમના પરિવાર સાથે મિલન કરાવતી અભયમ ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના સ્થાનિક એક જાગૃત નાગરિકનો ૧૮૧ મા કોલ આવેલ કે તેમને એક માનસિક અસ્વસ્થ મહિલા તેમની સોસાયટીમાંથી મળી આવેલ છે માટે મદદની જરૂર છે.તેમની પુચ્છપરછ કરવા છતા તે કઈપણ જણાવતા નથી.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમને જાણ થતા ૧૮૧ ના કાઉન્સેલર સુમિતા પરમાર, કોન્સ્ટેબલ ધારાબેન તથા પાયલટ લક્ષ્મણભાઈ ટીમ સાથે તત્કાલ તે મહિલા પાસે પહોચેલ. કાઉન્સેલર સુમિતા પરમાર દ્વારા મહિલાનું કાઉન્સિલિંગ કરેલ. કાઉન્સિલિંગ દરમિયાન જાણ્યુ કે મહિલા માનસિક અસ્વસ્થ હોય તેથી તે ઘરેથી નિકળી ગયા હોય . તેમજ તે મહિલા તેમના ઘરનું સરનામું પૂરેપુરૂ જણાવતા ન હતા .તેથી તે મહિલાનુ વધુ સુ કાઉન્સિલિંગ કર્યાં બાદ મહિલાએ અધુરુ સરનામુ જણાવેલ તે છતાં અભયમ ટીમ દ્વારા મહામહેનતે શોધ ખોળ બાદ સ્થાનિક લોકોને પૂછપરછ કરીને મહિલાના પરિવાર સુધી પહોંચી મહિલાને પરિવારને સોપવામાં આવેલ ત્યારબાદ તેમના પરિવારમાં તેમના પતિ અને સાસુ રહેતા હોય તેમનું કાઉન્સિલિંગ કરેલ તે દરમિયાન મહિલાના પતિએ જણાવેલ કે તેમની પત્ની છેલ્લા એક વર્ષ થી માનસિક બિમાર છે અને દવા પણ ચાલુ છે પરંતુ સારવાર નિયમિત લેતા ન હોય માટે સ્વાસ્થ્યમા સુધારો થતો નથી. તેને ઘરની બહાર એકલા નિકળવા દેતા નથી આજ તેમના પતિ કામથી બહારગામ ગયા હોય તેથી ઘરે થી નીકળી ગયેલ .ત્યારબાદ મહિલાના પતિને મહિલાને સમયસર દવા આપવા અને તેમનુ ધ્યાન રાખવા જણાવેલ તેમજ મહિલાને એકલા બહાર ના જવા દેવા જણાવેલ. . મહિલાને પણ જણાવેલ કે તેઓ એકલા બહાર ના જાય .આમ મહિલાને તેમના પરિવારને સુરક્ષિત રીતે સોપેલ છે. આમ તે મહિલાના પતિ અને સાસુએ ૧૮૧ ટીમ નો આભાર વ્યક્ત કરેલ.

# ગોંડલના કોલીથડ વિસ્તારના લોકો દ્વારા મનસુખભાઈ માંડવિયાને અભૂતપૂર્વ લીડ આપવા બદલ આભાર માનતા સહદેવસિંહ જાડેજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોરબંદર સાંસદીય મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર ડોક્ટર મનસુખભાઈ માંડવીયાને રાજકોટ જિલ્લા પંચાયતની કોલીથળ (ગોંડલ તાલુકો) સીટ ઉપર અભૂતપૂર્વ લીડ આપવા બદલ તમામ જ્ઞાતિના ભાજપના સમર્પિત મતદારોનો આ સીટના સદસ્ય શ્રી સહદેવસિંહ જાડેજા પૂર્વક કારોબારી ચેરમેન એ હૃદયથી આભાર માનેલ છે.

આ સીટ ના મત ક્ષેત્રમાં આંબરડી કોલિથડ દાળિયા શેમડા તાલુકા પંચાયતની સીટ ના ભાજપ ના સંગઠનના હોદ્દેદારો તમામ જ્ઞાતિના આગેવાનો કે જેમણે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વ નીચે વિકાસની હારમાળા ભરી વિશ્વગુરુ તરીકે આગળ વધવા વિશ્વાસ વ્યક્ત કરી ભાજપ તરફે મતદાન કરેલ છે.

કોલીથડ જિલ્લા પંચાયત ની સીટ ઉપર પાટીદાર છત્રીય મતદારો ઉપરાંત દલિત ભરવાડ મુસ્લિમ સહિતના તમામ જ્ઞાતિએ એક સંપ થઈ ભાજપ તરફી મતદાન કરેલ છે આ સીટ ઉપર જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે શ્રી સહદેવસિંહ જાડેજાએ ક્ષત્રિય આંદોલનને અગ્રતા ન આપતા રાષ્ટ્ર રાષ્ટ્રપ્રેમ વિકાસ અને ભવિષ્યને ધ્યાનમાં રાખેલ દેશ હિતમાં મતદારોને ભાજપ તરફી મતદાન કરવા પ્રેરણા આપેલ છે સમગ્ર ચૂંટણી દરમિયાન ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા તેમજ એમના પરિવાર તેમજ ગોંડલ નાગરિક બેંકના ચેરમેન અશોકભાઈ પીપળીયા ના માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ અગ્રણી મનોજભાઈ અકબરી તેમજ કાર્યકર્તા દ્વારા બુથ લેવલે માઇક્રો પ્લાનિંગ કરી આ જિલ્લા પંચાયત સીટ ૧૦,૧૦૦ ની જંગી લીડ મળેલ છે જે પોરબંદર લોકસભાની સીટમાં આવતી જિલ્લા પંચાયતની સીટોમાંથી સૌથી શ્રેષ્ઠ પરિણામ આપવામાં આવેલું છે.

# ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ મળી આવેલા માનવ અવશેષોના અંતિમ સંસ્કાર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ટીઆરપી ગેમ ઝોનની દુર્ઘટનામાં ૨૭ લોકોના મૃતદેહ મળ્યા હતા અને અડધો કોથળો માનવ અવશેષો પોલીસને હાથ લાગ્યા હતા. એ અડધો કોથળો માનવ અવશેષોની સોમવારે સામાજિક કાર્યકરે અંતિમ વિધિ કરી હતી. ગેમ ઝોનમાં ૨૫મી મેની સાંજે લાગેલી આગમાં ૨૭ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. માનવસર્જિત આ દુર્ઘટનામાં જ્યારે ફાયર બ્રિગેડની ટીમે ગેમ ઝોનનો માંચડો દૂર કરવા જેસીબી ચલાવ્યું ત્યારે અડધો કોથળો માનવ અવશેષો મળી આવ્યા હતા. ૨૭ મૃતદેહનો ડીએનએ ટેસ્ટ કરાવી પોલીસે તે તમામ ૨૭ મૃતદેહ મૃતકોના પરિવારજનોને સોંપી દીધા હતા. અડધો કોથળો અવશેષો પોસ્ટમોર્ટમ રૂમમાં રાખવામાં આવ્યા હતા. ઘટના બાદ અન્ય કોઇ લાપતા વ્યક્તિ અંગેની પૃચ્છા નહીં આવતાં પોલીસે તે તમામ અવશેષો બિનવારસી વ્યક્તિની અંતિમ વિધિ કરતાં સામાજિક કાર્યકર રમણીક પરમારને સોંપ્યા હતા અને પરમારે સોમવારે સાંજે તે તમામ અવશેષોની રામનાથપરા સ્મશાન ગૃહમાં અંતિમ વિધિ કરી હતી.

# લક્ષ્મીના ઢોરે માવતરના ઘરે રીસામણે બેઠેલી મહિલાનો ઝેરી પાવડર પી આપઘાત

## પતિના અનૈતિક સંબંધથી કંટાળી મહિલા પાંચ મહિનાથી માવતરના ઘરે રીસામણે બેઠી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ ઉપર મોટા માવા વિસ્તારમાં આવેલા લક્ષ્મીના ઢોરે માવતરના ઘરે રિસામણે બેઠેલી પરિણીતાએ પતિના અનૈતિક સંબંધી કંટાળી ઝેરી પાવડર પી જીવન ટૂંકાવી લીધું હતું. પરિણીતાના મોતથી પરિવારમાં કરણ કલ્પાંત સર્જાયો હતો.

સુરેન્દ્રનગર પંથકમાં સાસરીયુ અને રાજકોટમાં કાલાવડ રોડ ઉપર મોટા મવા વિસ્તારમાં આવેલા લક્ષ્મીના ઢોરે માવતર ધરાવતી છાયાબેન ધર્મેન્દ્રભાઈ સોરઠીયા નામની ૨૪ વર્ષની પરિણીતા પોતાના પિતાના ઘરે હતી. ત્યારે ઝેરી પાવડર પી લીધો હતો. પરણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીની સારવાર કારગત નિવડે તે

પૂર્વે જ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. અને જરૂરી કાર્યવાહી કરી પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં છાયાબેન એક ભાઈ ચાર બહેનમાં મોટી હતી અને તેણીના બે વર્ષ પૂર્વે જ સુરેન્દ્રનગર પંથકમાં રહેતા ધર્મેન્દ્ર સોરઠીયા સાથે લગ્ન થયા હતા. પરંતુ પતિને પરસ્ત્રી સાથે આડા સંબંધ હોવાની જાણ થતા છાયાબેન સોરઠીયા પોતાના માવતરના ઘરે રીસામણી ચાલી આવી હતી. પતિના અનૈતિક સંબંધથી ત્રસ્ત છાયાબેન સોરઠીયાએ ગઈકાલે પરિવાર પ્રસંગમાં ગયા બાદ ઝેરી પાવડર પી જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સાંથણીની જમીન બાબતે દલીત સમાજને થતા અન્યાય સામે ધારાસભ્યની કલેકટરને રજુઆત

## રૈયામાં સરકારી જમીન ઉપર થયેલ ગેરકાયદેસર બાંધકામ સહિતની રજૂઆત કરાઈ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રૈયા વિસ્તારમાં સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું હોવાની ચોંકાવનારી ફરિયાદ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ રાજકોટ જિલ્લા કલેક્ટરને કરવાની સાથે સાંથણીની જમીનમાં દલિત સમાજને થઈ રહેલા અન્યાય મામલે અલગ - અલગ ત્રણ કિસ્સામાં લંબાણ પૂર્વકની કાયદાઓ ટાંકીને રજુઆત કરવામાં આવી હતી.

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ત્રણ દિવસના ઉપવાસ આંદોલનમાં જોડાયેલા વડગામના ધારાસભ્ય જીગ્રેશ મેવાણી સમક્ષ રૈયા રાજકોટ, ઘંટેશ્વર અને જસદણના વડોદ ગામના અનુસૂચિત જાતિ સમાજના અરજદારોએ અન્યાય થયા અંગેની રજુઆત કરતા સોમવારે ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ત્રણેય અરજદારોને સાથે રાખી આ રજુઆતમાં રૈયામાં વર્ષોથી જે જમીન માટે અનુસૂચિત જાતિ સમાજના અરજદાર રજુઆત કરી રહ્યા છે તે જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતું હોવાનું તેમજ ઘટેશ્વર ખાતે સાંથણીમાં મળેલી જમીન કિંમતી થઈ હોય અન્ય ગામમાં જમીન આપવાની રજુઆત ગ્રાહ્ય રાખ્યા બાદ આ જમીન ફાળવવામાં ન આવતી હોવાનું તેમજ જસદણના વડોદ ગામે કબ્જા કિંમત ભરવા છતાં જમીન ફાળવણીને બદલે નોટિસ આપવામાં આવતા આ મુદ્દે રજુઆત કરવામાં આવી હતી. બીજી તરફ જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ તત્રણેય રજુઆત સાંભળ્યા બાદ રૈયાના કિસ્સામાં મામલતદારને તપાસ માટે સૂચના આપવાની સાથે વડોદ જસદણ અને ઘટેશ્વરના કેસમાં યોગ્ય તપાસની ખાતરી આપી હતી.

# સિવિલ સર્જને જુનિયર તબીબોની ત્રણ શરતો માની લેતા હડતાલ મોકુફ

## કોન્ટ્રાકટ બેઈઝ બે મહિલાને નોકરીમાંથી છુટા કરતા ટોળુ તબિબ અધિક્ષકની ઓફિસે પહોંચ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલમાં શનિવારે થયેલી સ્ટાફ અને તબીબની માથાકૂટમાં સિવીલ સર્જને જૂનિયર તબીબોની ત્રણ શરતો તાત્કાલિક ધોરણે માની લેતા હાલ હળતાલ મોકૂફ રાખવામાં આવી છે. તો બીજી તરફ કોન્ટ્રાક્ટ બેર્મહિલા કર્મચારીને નોકરીમાંથી કાઢી મૂકતા ટોળું તબીબી અધિક્ષકની ઓફિસે પહોચ્યુ હતું.

સિવીલ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઝ મહિલા કર્મચારી દ્વારા બે દિવસ પહેલા મહિલા તબીબ સાથે મારકૂટ કરવા મામલે જૂનિયર ડોક્ટર એસોસિયેશન મેદાને આવ્યુ હતું અને નોન-ઈમરજન્સી કામગીરીથી દૂર રિપોતાની સુરક્ષા માટે ઉચ્ચ અધિકારીઓને રજુઆતપ કરવામાં આવી હતી. જેના પગલે સોમવારે જૂનિયર તબીબો ઓ.પી. ડી.ની કામગીરીથી અડગા રહિને મેડિકલ કોલેજ ખાતે એકઠા થયા હતા. જ્યા સિવીલ સર્જન ડો. આર.એસ.ત્રિવેદી અને ડીન ડો.ભારતી પટેલ સમક્ષ તબીબ પર હુમલો કરનાર કોન્ટ્રાક્ટ બેઝ મહિલા કર્મચારીને છૂટા કરવા, ડોક્ટરોની રક્ષા માટે એક્સ-આર્મીમેનને સિક્યુટી ઓફિસર તરીકે નિમવા અને દરેક વોર્ડમાં બાઉન્સર રાખવા, દરેક વોર્ડના સીસીટીવી કેમેરા વધારવા, દર્દીના સગાઓને મળવા આવતા સગા માટે પાસ સિસ્ટમનું ચુસ્તપણે પાલન કરવુ જેવી ચાર માંગણી રાખી હતી. જેમાંથી સત્તાધિશોએ ચાર માંગણી સ્વિકારી મહિલાને તાત્કાલિક ધોરણે છૂટા કરી સીસીટીવી કેમેરા વધારવા માટે થોડા સમયની માંગણી કરી હતી. જેના કારણે તમામ રેસીડેન્ટ ડોકટરો રાબેતા મુજબ ઓ.પી.ડી. પર ફરજ પર હાજર થયા હતા અને જેના કારણે તબીબોની હળતાલ ટળી હતી. તો બીજી તરફ કોન્ટ્રાક્ટ બેઝ કર્મચારીને નોકરીમાંથી કાઢી મૂકતા સ્ટાફનું ટોળું તબીબી અધિક્ષકની ઓફિસે રજુઆત કરવા પહોચ્યુ હતું.

# શાપર વેરાવળ પોલીસના વિદેશી દારૂના ગુનામાં રાજસ્થાનના બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**




શાપર વેરાવળ પોલીસે એક વર્ષ પહેલા ઝડપેલા વિદેશી દારૂના ગુનામાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના ભુરતિયા ગામનો રામારામ પ્રેમારામ સારણ નામનો બુટલેગર નાસતો ફરતો હોય ત્યારે રૂરલ એલસીબી ટીમના પીએસઆઈ એચ.સી.ગોહિલ સહિતના સ્ટાફે રાજસ્થાનથી બુટલેગર રામારામને દબોચી લઈ શાપર વેરાવળ પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

# રાજકોટના ત્રંબામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફિઝિયોથેરાપી કેમ્પ યોજાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના ત્રંબા (કસ્તુરબાધામ) ગામમાં આવેલા આયુષ્યમાન આરોગ્ય મંદિર (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સ્કૂલ ઓફ ફિઝિયોથેરાપી, આર.કે. યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્ય કરીને ઈશ્વરની પ્રાર્થના સાથે કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી ડોક્ટર નમ્રતાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ કમર અને સાંધાના દુ:ખાવાથી પીડિત ૨૬ જેટલા દર્દીઓને ફિઝિયોથેરાપી એકસરસાઇઝ શીખવવામાં આવી હતી. કેમ્પમાં મેડિકલ ઓફિસરશ્રી ડોક્ટર સરોજબેન જેતપરિયા દ્વારા દર્દીઓના આરોગ્યની તપાસ કરીને સારવાર આપવામાં આવી હતી. તેમજ લેબોરેટરી ટેક્નિશિયનશ્રી વૈશાલીબેન કિયાડા દ્વારા દર્દીઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નર્સિંગ ટ્યુટરશ્રી ભાવિશાબેન જોશી, નર્સિંગ સ્ટુડન્ટ તથા આરોગ્ય કેન્દ્રના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ જિલ્લાની ૧૩ નર્સરીઓમાં ૧૮ લાખ રોપાઓના વિતરણનો પ્રારંભ

## વન વિભાગની હરિયાળી કામગીરી – ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૫૪ લાખથી વધુ રોપાઓનો ઉછેર-સહ-વિતરણ: નર્સરીમાં ફૂલછોડ, ફળાઉ, ઔષધિ, સુશોભન અને છાંયડો આપતાં રોપા ઉપલબ્ધ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોમાસુ હવે ઢૂકડું છે ત્યારે વરસાદના આગમન સાથે ચોતરફ હરિયાળી છવાઈ જશે. આપણી આસપાસના વાતાવરણને વધુ ઘેઘુર અને હરિયાળું બનાવવા વન વિભાગ દ્વારા નર્સરીઓમાં લાખોની સંખ્યામાં રોપાઓ તૈયાર કરવામાં આવ્યા છે.

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ રાજ્યને હરિયાળું બનાવવા પ્રતિ વર્ષ નર્સરીઓમાં રોપા ઉછેરની કામગીરી ચોક્કસ લક્ષ્યાંક સાથે કરવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં કાર્યાન્વિત નર્સરીઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડુતોને ઉપયોગી વૃક્ષો, ઔષધીય ગુણ, સુશોભન, ફળ-ફુલ, જુદા જુદા કિંમતી ઝાડ વગેરેના મળીને કુલ ૫૪ લાખ જેટલા રોપાઓ તૈયાર કરવામાં છે. જેનું ચોમાસાના પ્રારંભે નહિવત કિંમતે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી તુષાર પટેલે આ અંગેની માહિતી આપતા જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૮,૦૭૦૦૦, ૨૦૨૩-૨૪ માં ૧૭,૮૨૦૦૦ તેમજ ૨૦૨૪ -૨૫ માં આ વર્ષે ૧૮,૨૨૦૦૦ નાં લક્ષ્યાંક સાથે રોપાઓ ઉછેરવામાં આવ્યાં છે. જેનું ૭૫ માં ખાતાકીય વન મહોત્સવ હેઠળ ચોમાસાના પ્રારંભે વિતરણ શરુ કરવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં રાજકોટ સ્થિત રાંદરડા નર્સરી ખાતે ૧,૬૨૦૦૦ , મૂંજકા નર્સરી ખાતે ૧,૧૧૦૦૦, કણકોટ નર્સરી ખાતે ૪૦,૦૦૦, લોધિકા તાલુકામાં વાવડી નર્સરી ખાતે ૧૬૯૮૦૦, દેવગામ નર્સરી ખાતે ૧,૧૩,૨૦૦, પડધરી તાલુકામાં નારણકા નર્સરી ખાતે ૧,૯૧,૦૦૦, જસદણ તાલુકામાં વિવેકાનંદ નર્સરી ખાતે ૧,૮૧,૦૦૦, ગોંડલ તાલુકમાં આશાપુરા નર્સરી ખાતે ૨,૨૧,૦૦૦, જેતપુર તાલુકામા મેવાસા નર્સરી ખાતે ૭૦૦૦૦, પુનિત નર્સરી ખાતે ૯૬૦૦૦, ધોરાજી તાલુકામાં ભોળા નર્સરી ખાતે ૧,૭૧૦૦૦, જામકંડોરણા તાલુકાના દુધીવદર નર્સરી ખાતે ૧,૨૫૦૦૦, ઉપલેટા તાલુકામાં મોજ ડેમ નર્સરીમાં ૧,૭૧૦૦૦ રોપાઓ ઉછેરવામાં આવી રહ્યા છે.

ફૂલછોડ, ફળાઉ, ઔષધિ, સુશોભન અને છાંયડો આપતાં રોપા

નર્સરી ખાતેથી ઉછેરવામાં આવેલ રોપાઓમાં ખેડુતોને ઉપયોગી વૃક્ષોની જાતો જેવી કે વાંસ, સરગવો, લીંબુ, દાડમ, સીતાફળ, જાંબુ, ઉપરાંત સુશોભિત અને છાંયો આપતા રોપા પણ પ્રાપ્ત થઇ શકશે. આ ઉપરાંત આયુર્વેદિક ઉપયોગિતા ધરાવતી વનસ્પતિના રોપ જેવા કે હરડે, બહેડા, આંબળા, અરડુસી, અશ્વગંધા, ગુગળ, વિકળો તથા મીઠી આવળના રોપ પણ પ્રાપ્ત થઇ શકશે. સુશોભનની જાતો જેવી કે, ઉભા આસોપાલવ, ગુલમ્હોર, ગરમાળો, કરંજ, પેલ્ટફોરમ વગેરે ઉપરાંત ઘટાદાર છાંયો આપે તેવા વૃક્ષો જેવા કે, વડ, પીપર, ઉમરો, લીમડો વગેરેના રોપા પણ પ્રાપ્ત થઇ શકશે.

રોપાનું રાહતદરે વિતરણ

રોપાઓની કિંમત તેની પોલીથીનની બેગ ની સાઈઝ મુજબ હોય છે. ૧૦ સે..મી. X ૨૦ નાની બેગ ના રૂ ૨, ૧૫ સે.મી. X ૧૫ સે.મી. ના રૂ. ૪, ૨૦ સે..મી. X ૩૦ સે..મી. ની બેગના રૂ. ૭.૫૦ અને ૩૦ સે..મી. X ૪૦ સે..મી. ની બેગના માત્ર ૧૫ રૂ. છાયડો આપતાં મોટા વૃક્ષના રોપાઓ કે જેની ઉંચાઈ ૭ થી ૮ ફૂટ હોય છે તેના ૧૦૦ રૂ., શાળાને ૧૦૦ રોપાઓ અને ગ્રામપંચાયતને ૫૦૦ રોપા નિ:શુલ્ક!

વનીકરણ યોજનાઓ

ખેડૂતો માટે વૃક્ષ ખેતી યોજના, એગ્રો ફોરેસ્ટ્રી યોજના, ફાર્મ ફોરેસ્ટ્રી યોજના, વિકેન્દ્રિત પ્રજા નર્સરી યોજનામાં સામેલ થઈ ખેતર અથવા શેઢામાં વૃક્ષારોપણ કરી આર્થિક લાભ મેળવી શકાય છે. વન વિભાગ દ્વારા સ્ટ્રીટ પ્લાન્ટેશન, ગ્રામ વાટિકા જેવી બહુઆયામી યોજના પણ અમલમાં છે. યોજનાકીય વધુ વિગત માટે રેંજ ફોરેસ્ટ વિભાગનો સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક શ્રી તુષાર પટેલે જણાવ્યું છે.

વન વિભાગની પહેલને વધાવી માત્ર રોપાનું વાવેતર નહી પરંતુ તેનું જતન કરવું અને તે પુખ્ત ન બને ત્યાં સુધી તેની પરિવારના સભ્ય માફક સંભાળ લઈ પૃથ્વીને ગ્લોબલ વોર્મિંગથી સુરક્ષિત કરીએ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ટ્રાફિક નિયમન ભંગ કરનાર લોકોને કોર્ટનું સમન્સ : દંડ ભરવા લાંબી કતાર




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરના માર્ગો પર પોલીસ દ્વારા લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા આમતો ગુનેગારોને પકડવા અને લોકોના જાનમાલનું રક્ષણ કરવા લગાવવામાં આવ્યા છે. પરંતુ હાલ રાજકોટમાં આડેધડ બેફામ વાહનો ચલાવતા અને ટ્રાફિક નિયમનનું ભંગ કરતા લોકો પર સીસીટીવી કેમેરા દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. તેમજ છતાં વાહનચાલકો ટ્રાફિક નિયમનનું ભંગ કરતા જોવા મળી રહ્યા છે. ચાર રસ્તા પર સ્ટોપ લાઈનનો ભંગ, સિગ્નલ તોડવું, રોંગ સાઈડ સહિતની ગતિવિધિ સામે પોલીસ દ્વારા વાહનચાલકોને ઈ–મેમો ફટકારવવામાં આવી રહ્યો છે. તેમ છતાં લોકો દંડની રકમ ભરપાઈ ન કરતા હોય જેથી આવા લોકો સામે કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવી રહી છે. અને કોર્ટ દ્વારા વાહનચાલકો દંડ નહિં ભરતા સમન્સ ઈશ્યુ કરવામાં આવતા વાહનચાલકો દંડ ભરવા ટ્રાફિક કચેરી ખાતે દોડી ગયા હતા અને દંડ ભરવા માટે લાંબી કતાર જોવા મળી રહી હતી.

# જૂનાગઢમાં માત્ર ૫૦૦ રૂપિયાની બબાલમાં પાડોશીએ છરીના ઘા ઝીંકી યુવાનને પતાવી દીધો

## ચાર બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના સક્કરબાગ નજીક રામદેવપરા વિસ્તારમાં રહેતા બે યુવકો વચ્ચે ૫૦૦ રૂપિયાની આપલે થઈ હતી. તે નાણા પરત ચૂકવવા મામલે ગત રાત્રીના બન્ને યુવકો વચ્ચે બબાલ સર્જાઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા એક શખ્સે ૨૯ વર્ષે યુવકને છાતીના ભાગે છરીના આડેધડ ઘા ઝીંકી દેતા લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. પોલીસે આ બારામાં આરોપીને ઝડપવા ચક્રોગતિમાન કર્યા છે.



આ અંગેની માહિતી મુજબ જૂનાગઢમાં ગત રાત્રે યુવક સંજય પોતાના ઘરની બહાર હતો. ત્યારે પાડોશમાં રહેતા દેવા ચૌહાણે સંજય પાસે રૂપિયાની માંગ કરી હતી. જેની ના પાડતા દેવાએ સંજય પર છરી વડે હુમલો કર્યો હતો. જેથી સંજય ત્યા જ ઢળી પડયો હતો. ઘાયલ યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. આ યુવકની હત્યાથી ચાર બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે તો પરિવાર પર શોકનું મોજું ફરી વળ્યું છે.

મૃતક યુવકનો ભાઈ અરવિંદ મકવાણાએ જણાવ્યું હતું કે, મારા મોટાભાઈને છરીના ઘા મારવામાં આવ્યાં હતા. અમારા ઘરની સામે રહેતા દેવાભાઈએ જ છરી મારી હતી. જેથી મારા ભાઈને અમે હોસ્પિટલમાં લઈ આવ્યાં હતા, જોકે, તેનું મોત થઈ ગયું હતું. સાવ નાની બાબતમાં ખાલી ૫૦૦ રૂપિયા ન આપતા દેવાએ છરી કાઢીને હુમલો કર્યો હતો. મારા ભાઈને ચાર નાના બાળકો છે.આ હત્યાની જાણ થતા જૂનાગઢ ડીવાયએસપી, પીઆઈ, પીએસઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. હાલ એ ડિવિઝન પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને પકડવા તપાસ હાથ ધરી છે. જૂનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે, જુનાગઢના સકરબાગ રામદેવપરા વિસ્તારમાં સંજય મકવાણા નામના યુવકની હત્યા કરવામાં આવી છે. પાડોશમાં રહેતા દેવો ચૌહાણ નામના યુવકે પૈસાની લેતી દેતી મામલે છરીના ઘા માર્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને સિવિલ હોસ્પિટલ સારવારમાં લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જે મામલે એ ડિવિઝન પોલીસ દ્વારા આઈપીસી કલમ ૩૦૨ મુજબનો ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. તેમજ આરોપી દેવો ચૌહાણને પકડવા માટે પોલીસની અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે.

# વાંકાનેરમાં સરકારી ખરાબામાં ખનીજ ચોરી કરતા ચાર ઈસમોને વિસ્ફોટક ૪૧૮ જીલેટીન સ્ટીક સાથે ઝડપી લેવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી એસઓજી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વાંકાનેર તાલુકાના તરકીયા ગામે ઓળ નામની સીમમાં દરોડો પાડી સરકારી ખરાબામાં ખનીજ ચોરી કરવા વિસ્ફોટકોની મદદથી બ્લાસ્ટ કરવાની પેરવીમાં હોય ત્યારે પોલીસે દરોડો પાડતા સ્થળ ઉપરથી વિસ્ફોટકની ૪૧૮ જીલેટીન સ્ટીક કે જેમાં આશરે ૧૧૬૨ કિલો વિસ્ફોટક જથ્થો તથા વિસ્ફોટ કરવા ઈલેક્ટ્રોનિક ડિટોનેટર વાયર સહીત રૂ.૧.૨૮ લાખના મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. જયારે અન્ય બે આરોપીઓના નામ ખુલતા તેને ફરાર દર્શાવી કુલ ૬ આરોપીઓ સામે આઈપીસી કલમ તથા એક્સપ્લોઝીવ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.



મળતી માહિતી અનુસાર મોરબી એસઓજી પોલીસ ટીમને સંયુક્તમાં બાતમી મળેલ કે વાંકાનેર તાલુકાના તરકીયા ગામે ઓળ નામથી ઓળખાતી સીમમા મુન્નાભાઇ વલુભાઇ ભરવાડ રહે ગામ તરકીયા તા.વાંકાનેરવાળો પોતાના કબ્જામા ગેરકાયદેસર એકસપ્લોઝીવનો જથ્થો રાખી કોઇપણ જાતની મંજુરી વગર સરકારી ખરાબામા ખનીજનું ખનનની તૈયારી કરી રહેલ હોય જે મુજબની બાતમી મળતા જેથી વાંકાનેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક તેમજ એસઓજી ટીમ દ્વારા પોલીસ કાફલા તથા પંચો સહીત વાંકાનેરના તરકીયા ગામ નજીક સરકારી ખરાબામાં દરોડો પાડતા મુન્નાભાઇ વલુભાઇ બાંભવા રહે–તરકીયા તા.વાંકાનેર તથા પ્રદીપભાઇ આલકુભાઇ ધાધલ રહે મેસરીયા તા.વાંકાનેર તથા રવુભાઇ ઉર્ફે નાગરાજ ભીખુભાઇ સોનારા રહે જાનીવડલા તા.ચોટીલા તથા રણુભાઇ બાલાભાઇ બાંભવા રહે તરકીયા તા. વાંકાનેર વાળાઓને ૪૧૮ નંગ જીલેટીન સ્ટીક કે જેમાં એક સ્ટીકમાં ૨.૮૩ કિલો વિસ્ફોટક દારૂ હોય જેનું કુલ વજન ૧૧૬૧ કિલોના વિસ્ફોટક દારૂના પદાર્થનો જથ્થો જેની કુલ કિ.રૂ. ૯૨,૭૯૬/- તથા અલગ અલગ લંબાઇના ઇલેકટ્રોનીક ડીટોનેટર (ઉઝઇ વાયર) નંગ- ૫૦ કિ.રૂ ૭૪૪૦/- તથા ઝકઉ વાયર નંગ-૯૦ કિ.રૂ. ૩૬૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૫ કિ.રૂ. ૨૫,૦૦૦/- મળી કુલ રૂ. ૧,૨૮,૮૩૬/- ના મુદ્દામાલ સાથે મળી આવતા ચારેય ઈસમોની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી હતી.

વધુમાં વાંકાનેર તાલુકાના તરકીયા ગામના સરકારી ખરાબાના સર્વે નં- ૧૬૩/૧ પૈકી ૨૪ વાળી જમીનમાં પથ્થરો કાઢવા આશરે ૫૭ જેટલા બોર કરેલ જે ૪૫ ફુટ ઉંડા કરી તે પૈકીના ૧૪ બોરમાં જીલેટીન સ્ટીક તથા ડીટોનેટર પ્લાન્ટ કરી તૈયાર રાખેલ હોય જયારે આ તમામ ખનીજ ખનનમાં અન્ય આરોપી લોમકુભાઇ માનસીભાઇ ખાચર રહે, મેસરીયા તા.વાંકાનેર જી.મોરબી. તથા દેવાયતભાઇ ડાંગર રહે.બેટી તા.જી.મોરબી તથા તપાસમા ખુલે તે આરોપીઓ હાજર મળી આવેલ ન હોય જેથી તેઓને ફરાર દર્શાવી તમામ આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# દેવનગરના ઢોળે અને કુંજ કવાર્ટરમાં જુગાર રમતા ૧૬ પત્તા પ્રેમી ઝડપાયા

## નાનામવા રોડ પર ચાની હોટલ પાસે જાહેરમાં ઓનલાઈન સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે નવાગામ આણંદપર દેવનગર ઢોરે મંદીરની પાછળ જુગાર રમતા હોવાની બાતમી મળતા દરોડો પાડી હિરા ચૌહાણ,હરેશ પળાલીયા, કાનજી વઘાસીયા,અશોક ચૌહાણ,મુકેશ પળાલીયા,મેહુલ વજકાણી,સોમા મેઘાણી સહિતના સાત પત્તાપ્રેમીને ઝડપી રૂ.૧૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તેમજ પ્ર.નગરના સ્ટાફને સાધુવાસવાણી રોડ ઉપર આવેલા કુંજ કવાર્ટરમાં રહેતા રતનકુમાર તખ્તાણી બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમી મળતા દરોડો પાડી કવાર્ટર માલિક રતનકુમાર તખ્તાણી, કમલેશ તોલાણી,અશોક હાસેજા, ધર્મેશ મેલવાણી, ગૌતમ જેઠાણી, મહેશ વસદાણી,ભાવેશ પ્રિતવાણી,રોશન ભદલાણી સહીતના આઠને ઝડપી લઈ મોબાઈલ મળી કુલ રૂ.૪૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

માલવીયા પોલીસના સ્ટાફે નાનામવા રોડ પર આવેલ ચા ની હોટલ પાસેથી ઓનલાઈન આઈડીમાં રનફેરનો જુગાર રમતા કીર્તીશ રાયજાને ઝડપી પાડયો હતો. પોલીસે મોબાઈલ નંગ-રતથા વાહન મળી કુલ રૂ.૮૨ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અગ્નિકાંડમાં પૂર્વ કલેકટર, ડીઆઈએલઆર ધોકીયા, વચેટીયા સહિતનાઓએ કૌભાંડ કરી ભ્રષ્ટાચાર કર્યોનો આક્ષેપ

## લોધિકાના પાળ ગામના ખેડૂત ભીમસિહ જે. જાડેજાએ જિલ્લા કલેક્ટર અને એસીબીમાં રજુઆત કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડમાં સંડોવાયેલા ટાઉન પ્લાનર સાગઠીયાના ખાસ ગણાતા વચેટિયાએ કરોડોની લાંચ આપી રાજકોટના પૂર્વ ડીઆઈએલઆર અને પૂર્વ કલેકટરને કરોડો રૂપિયાનો પ્રસાદ ધરી પ્રમોલગેશનના નિયમ વિરુદ્ધ કૌભાંડ કરી જમીનમાં ૧૫,૭૬ વધારો કરી બીનખેતી કરી આપી હોવાની લોધીકા તાલુકાના પાળ ગામના ખેડૂતે જિલ્લા કલેક્ટરને ફરિયાદ કરતા ખળભળાટ મચી ગયો છે.

આ અંગેની માહિતી મુજબ લોધીકા તાલુકાના પાળ ગામે રહેતા ખેડૂત ભીમસિહ જે. જાડેજાએ રાજકોટ જિલ્લા કલેક્ટરને લેખિત ફરિયાદ કરતા જણાવ્યું હતું કે રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના પાળ ગામના રેવન્યુ સર્વે નંબર ૧૮૩ પૈકી /૧/૧ની જમીનમાં પ્રમોલગેશન ના નિયમ મુજબ ૫% વધારો - ઘટાડો થઈ શકે તેવો નિયમ હોવા છતા પાળ ગામનારેવન્યુ સર્વે નંબર ૧૮૩ પૈકી /૧/૧ની જમીનમાં ૧૫.૭૬ ટકાનો માતબર વધારો પૂર્વ ડીઆઇએલઆર અને પૂર્વ કલેકટરે રાજકોટના કોઈ રીંકુ પરસાણા નામના વચેટિયા પાસેથી કરોડો રૂપિયા લઈને કરી આપ્યો હોવાનો ચોંકાવનારો આક્ષેપ કર્યો છે.વધુમાં કરોડોની લાંચ લઈ મુળ વયોવૃધ્ધ ખેડુખ ખાતેદારની જમીનમાં ઘટાડો કરી શ્રેય શૈલેપ હીરપરા, ધનસુખ નંદાણીયા નામના વેપારીની ખરીદ કરેલ જમીનના ક્ષેત્રફળમાં ૧૫.૭૬ ટકા માતબર વધારો નિયમ વિરૂધ્ધ વધારો કરી આપી પૂર્વ કલેક્ટર દ્વારા બીનખેતી પણ કરી આપવમાં આવેલ છે ત્યારે બીજી તરફ અરજદાર ભીમસિહની માપણી અરજીનો પ્રકાર હદ માપણી હોવા છતા લાગુ સર્વેના માલીકોને મૌખિક કે લેખીત જાણ કરવામાં આવેલ નહી. આ પ્રકરણમાં માપણી રીંકુ પરસાણાની ઓફિસમાં તૈયાર કરી સોઢાતર સર્વેયરની ફક્ત સહી લેવામાં આવેલ હોવાનો પણ છઆરોપ લગાવવામાં આવ્યો છે. સાથે જ વચેટિયા રીંકુ પરસાણાની ઓફિસે તમામ અધિકારી આવીને સહી સિક્કા કરે કરતા હોવાનું તેમજ રિન્કુની પત્ની પોલીસ ખાતામાં ફરજ બજાવતી હોવાનો આરોપ લગાવી પૂર્વ ડીઆઈએલઆર, પૂર્વ કલેકટર, રીંકુ પરસાણા તેમજ આરએમસીની ટીપી શાખાઉપરાંત કલેકટરની બીનખેતી શાખાનો વચેટીયા સામે તપાસ કરી કલેકટર તરીકે કરી ન્યાય સૂઓમોટો કરી બીનખેતીનો હુકમ રદ આપવાની સાથે જ આ ત્રણે ત્રિપુટી રાજકોટમાં અનેક જમીનના કરોડો રૂપીયાના કૌભાંડો કરેલ છે તેની પણ તપાસ કરવા માંગ ઉઠાવી હતી.

# રૈયા રોડ પર હનુમાન મઢી પાસે યુવાન પર ખુની હુમલો કરનાર ત્રણ શખ્સો ભાવનગરથી ઝડપાયા

## એક સપ્તાહ પહેલાં મારા ભાઈની પત્ની સામે ખરાબ નજરે કેમ જુવે છે તેમ કહી ત્રણેય શખ્સો ધોકા, પાઈપ વડે તુટી પડયા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયારોડ પર આવેલા સદગુરુ એપાર્ટમેન્ટ પાસે મારા ભાઈની પત્ની સામે કેમ જોવે છે કહીં રીક્ષા ચાલક પર કચરા પરિવારના ત્રણ શખ્સોએ ધોકા અને પાઈપથી ખૂની હુમલો કર્યાનો ગાંધીગ્રામ પોલીસમાં ગુનો નોંધાતા પોલીસે હત્યાની કોશિશના ગૂનામાં ત્રણેય શખ્સોને ભાવનગરથી ઝડપી લીધા છે.



આ અંગેની માહિતી મુજબ રૈયારોડ પર હનુમાન મઢી પાસે રામનગર શેરી નં.૩ માં રહેતાં સલીમભાઈ અબ્દુલભાઈ કારીયાણીયા (ઉ.વ.૬૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈમરાન રમજાન કચરા, અખ્તર સોક્ત કચરા (રહે. બંને નેહરૂનગર), આફતાબ રફીક કચરાના નામો આપ્યા હતા. તેઓ ઘરે હતાં ત્યારે તેમના મીત્ર ઈમ્તિયાઝ પઠાણનો ફોન આવેલ અને જણાવેલ કે, તમારા દીકરા અલ્તાફને નવઘણ ચા પાસે કોઇએ માર મારેલ છે, તમે જલ્દી આવો તેમ વાત કરતા તેઓ એક્ટીવા લઇ નવઘણ ચા પાસે ગયેલ ત્યારે ત્યાં માણસો ભેગા થઇ ગયેલ હતા. ત્યાં જઈને જોયુ તો તેમનો દીકરો અલ્તાફ નવઘણ ચાની હોટલની સામે રોડની સામેની સાઈડ ઇજા થયેલી હાલતમાં પડયો હતો. તેને માથાના ભાગે, કપાળમાં, હોઠ ઉપર બંને પગે ગોઠણથી નીચેના ભાગે ઇજા થતા લોહીલૂહાણ પડયો હતો. તેમની પુછપરછ કરતા તેમણે કહ્યું હતું કે, રીક્ષા લઈ તેમના છોકરા નવાબને જ્યુસ પીવડાવવા માટે ગયેલ હતો અને નવઘણ ચા પાસે ઉભા હતા ત્યારે ઈમરાન કચરા લાકડાના ધોકા સાથે મારી પાસે આવેલ કહેલ કે, તું મારા ભાઈની પત્નિ સામે કેમ ખરાબ નજરે જોવે છે, તેમ કહી ગાળા ગાળી કરવા લાગ્યો હતો. દરમિયાન અખ્તર કચરા અને આફતાબ કચરા પણ ધોકા અને પાઈલ સાથે ઘસી આવેલ અને આડેધડ માર મારવા લાગ્યા હતા. ઉપરાંત અખ્તરે માથામાં કપાળના ભાગે લોખંડના પાઈપના બે ત્રણ ઘા ઝીંકી દેતાં પડી ગયો હતો. દરમિયાન આજુબાજુમાં માણસો ભેગા થઈ જતાં ત્રણેય શખ્સો નાસી છૂટયા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.ટી. અકબરી અને બી. બી.જાડેજા અને ટીમે આરોપીને ઝડપી લેવાં તજવીજ હાથ ધરી હતી. ત્યારે ત્રણેય આરોપી બનાવને અંજામ આપી ભાવનગર નાસી છૂટયા હતાં.

# ગૃહ કલેકશનો કરૂણ અંજામઃ પત્નીની હત્યા કરી પતિએ કર્યો આપઘાત

## હળવદના ભવાનીનગરની ઘટનાઃ મુસ્લિમ પરિવારમાં માતમ છવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હળવદમાં દંપતિ વચ્ચે ઘર કંકાસના ડખ્ખાનો કરૂણ અંજામ આવ્યો હતો. જેમાં પતિએ પત્નીની હત્યા કરી નાખતાં સનસનાટી મચી ગઈ છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મહિલાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડડચો હતો. બીજી તરફ નજીક મંદિરના પટાંગણમાં પતીએ આપઘાત કરી લીધાનું જાણવા મળ્યું હતું.




આ અંગેની માહિતી મુજબ હળવદનાં ભવાનીનગર ઢોરા વિસ્તારમાં રહેતા મદીનાબેન યુસુફભાઈ સંધી (ઉ.૩૫)ને તેના પતિ યુનુસ સંધી સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો. દંપતિ વચ્ચે થયેલા ઝઘડામાં ઉશ્કેરાયેલા મદીનાના પતિ યુનુસ સંધીએ પત્ની મદીનાબેન ઉપર હુમલો કરતાં તેનું મોત થયું હતું એને આ બનાવ હત્યામાં પલટાયો હતો. દંપતિ વચ્ચે ઘર કંકાશના કારણે અવારનવાર થતાં ઝઘડાનો કરૂણ અંજામ આવ્યો હતો. આ મામલે હળવદ પોલીસને જાણ કરવામાં આવતાં પીએસઆઈ સહિતનો સ્ટાફ હળવદનાં ભવાનીનગર ઢોરા વિસ્તારમાં દોડી ગયો હતો. પોલીસે મદીનાબેનના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડયો હતો અને આ મામલે જરૂરી કાર્યવાહી કરી હતી.

મદીનાબેનના પરિવારજનોને જાણ કરવામાં આવતાં તેઓ પણ પુત્રીના ઘરે દોડી આવ્યા હતાં. જમાઈએ પુત્રીની હત્યા કર્યાના બનાવથી પરિવાર પણ શોકમગ્ન બની ગયા હતા. આ ઘટના બાદ મદીનાની હત્યા કરનાર પતી યુનુશનો મૃતદેહ પણ નજીકથી મળી આવ્યો હતો તેણે હત્યા બાદ ઝેરી દવા પી આપઘાત કર્યાનું ખુલ્યું હતું.

# ગોંડલના જામવાડી અને કાગવડ ગામે એસએમસી ત્રાટકી

## ગેરકાયદે બાયોડીઝલનો જથ્થો કબ્જેઃ એક કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્ટેટ મોનિટરીંગ સેલની બે ટીમે પૂરવઠા વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમને સાથે રાખી ગોંડલ પાસે આવેલા કાગવડ અને જામવાડી ગામમાં ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં આ ત્રણેય ટીમ દ્વારા કાગવડમાં ખોડલ હોટલ પર ચાલતા બાયોડિઝલના ગેરકાયદે ધંધા પર રેડ મારવામાં આવી હતી. ત્યાર બાદ તેની બાજુમાં આવેલી વધુ એક હોટલમાં પણ જખ્ખઈ સહિતની ટીમ ત્રાટકી હતી. તે ઉપરાંત જામવાડીમાં આવેલી કનૈયા હોટલમાં પણ દરોડો પાડવામાં આવ્યો હતો. આ ત્રણેય સ્થળ પર તંત્ર દ્વારા કાર્યવાહી કરી કુલ ૨૩,૦૦૦ લીટર જેટલો ગેરકાયદે બાયોડિઝલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મૂજબ દરોડા બાદ કુલ ૬ શકમંદ લોકોની પૂછપરછ કરવામાં આવી રહિ છે. જેમાં અભિષેક ઉર્ફે ભાણો અને બીજા ગિરીશ ઠાકર નામના શખસોનું નામ ખુલ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. જખ્ખઈની ટીમ ત્રાટકી તે દરમિયાન બાયોડિઝલનો વેપલો કરતા શખસો ટ્રકમાંથી બાયોડિઝલ ઉતારતા હોવાનું અને હોટલમાં જ સંગ્રહ કરી અન્ય જગ્યાએ મોકલતા હોવાનું સામે આવ્યુ છે.

# આનંદનગરના સેલ્સમેન સાથે મિત્રએ કરી રૂા.૧.૫૭ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડના આંનદનગરમાં રહેતા અને સેલ્સમેન તરીકે નોકરી કરતાં અશોકભાઈ ધાબલીયાએ ભકિતનગર પોલીસમાં હર્ષ ગુણવંતભાઈ સૌમેયા સામે ફરીયાદ નોંધાવી છે કે ગત.૨૦ નવેમ્બરના ઘરે હતો ત્યારે આરોપી હર્ષ સૌમેયાનો ફોન આવેલ અને કહ્યું કે મારે રૂપીયાની જરૂર છે તો તમારૂ ક્રેડીટ કાર્ડ મને આપો તો હું તેમાંથી રોકડા ઉપાડી અને ચાર–પાંચ દિવસમાં તે રૂપીયા તમારા કાર્ડમાં ભરી આપીશ વિશ્વાસ રાખો તેમ કહેતા જેથી મે ક્રેડીટ કાર્ડ નંબર આપેલ અને તેણે ચાલુ ફોનમાં ઓટીપી આપવાનું કહ્યું બાદમાં મારા ક્રેડિડ કાર્ડના સ્ટેટમેંટમાં જોતા તેમાંથી આરોપીએ રૂ.૧.૫૭ લાખ ઉપાડેલ હતા. ત્રણ દિવસ બાદમાં આરોપીને ફોન કરી રૂપીયા સમયસર ભરી આપજો નહીંતર મને પેનલ્ટી આવશે જેથી આરોપીએ હું રકમ ભરી આપીશ તેમ કહેલ બાદમાં ડિસેમ્બર મહીનામાં આરોપી કોઈ બિમારી સબબ ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલા ત્યારે હું મળવા ગયો હતો.હોસ્પિટલેથી રજા આપ્યા બાદ તેના ઘરે ખબર અંતર પુછવા ગયેલ અને મારા રૂપીયા પરત આપવાની વાત કરેલ જેથી આરોપીએ મારી પાસે પૈસા નથી થાશે ત્યારે આપી દઈશ તેમ વાત કરી હતી.વિશ્વસાઘાત કરી છેતરપીડીં કર્યાની ફરીયાદ નોંધાવતા ભકિતનગર પોલીસે ગુનોં નોંધી તપાસ હાથ ધરી છે.

# ભગવતીપરાની સગીરાને લગ્નની લાલચ આપી પાડોશી શખ્સ અપહરણ કરી ગયો

## સુરેન્દ્રનગરમાં સગીરા પર બે વાર દુષ્કર્મ આચર્યુંઃ પોલીસે પોકસોની કલમનો ઉમેરો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરા વિસ્તારની ૧૬ વર્ષની તરૂણીનું બે દિવસ પહેલાં પાડોશી શખ્સે લગ્નની લાલચ દઈ અપહરણ કર્યા બાદ બંને સુરેન્દ્રનગર હોવાની બાતમીના આધારે બી ડિવિઝન પોલીસે ઝડપી પૂછપરછ કરતા બે દિવસ દરમિયાન બે વખત દુષ્કર્મ આચર્યાનું બહાર આવતા પોલીસે બળાત્કાર અને પોકસોની કલમનો ઉમેરો કરી ઘરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરાની તરૂણીનું પાડોશી રોહિત ઉર્ફે રોહન મહેશ લોલાડીયાએ અપહરણ કર્યાની બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. પી.આઈ.કે.જે. કરપડા અને પીએસઆઈ મારુ સહિતના સ્ટાફે ભગવતીપરા વિસ્તારમાંથી સીસીટીવી ફુટેજ મેળવી પગેરુ મેળવ્યુ હતુ અને રોહિત ઉર્ફે રોહન લોલાડીયા સગા–સંબંધીઓની પૂછપરછ દરમિયાન તે સુરેન્દ્રનગરમાં હોવાની મળેલી બાતમીના આધારે બંનેને સુરન્દ્રનગરથી રાજકોટ લાવ્યા બાદ પૂછપરછ કરતા તરૂણી પર રોહિત ઉર્ફે રોહન મહેશ લોલાડીયાએ બે વખત બળાત્કાર ગુજાર્યાનું બહાર આવતા તેની સામે દુષ્કર્મ અને પોકસોની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે.